# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગઅમદાવાદ ,આકાશવાણી ,

**Date: 23-01-2025 Day: Thursday Evening: 6.25 to 6.30pm**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

## કચ્છ પ્રજાસત્તાક પર્વ પરેડ માટે પસંદગી:

**૨૬ જાન્યુઆરીએ પ્રજાસત્તાક પર્વની પરેડ જોવામાટે કચ્છ માંથી વિવિધ ક્ષેત્રના લોકોની પસંદગી થઇ છે. આ અંગે સાંભળીએ એક વિશેષ અહેવાલ..**

***(વોઇસ કાસ્ટ – અશરફ નથવાણી )***

***નવી દિલ્હીના કર્તવ્ય પથ ખાતે આગામી ૨૬મી જાન્યુઆરીએ પ્રજાસત્તાક દિવસની પરેડ જોવા માટે વિવિધ ક્ષેત્રના 10,000 જેટલા ખાસ મહેમાનોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. પોત પોતાના ક્ષેત્રોમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર આ આમંત્રિતોની રાષ્ટ્ર અને સમાજ નિર્માણમાં તેમના યોગદાનની કદર રૂપે પસંદગી કરવામાં આવી છે. કચ્છમાંથી પણ વિવિધ ક્ષેત્રના લોકોને આમંત્રણ અપાયું છે.***

***રોગાન કળાના કારીગર પદ્મશ્રી અબ્દુલ ગફ્ફૂર ખત્રીએ આ આમંત્રણ મળતા પોતાની ખુશી આ રીતે વ્યક્ત કરી હતી.***

***(બાઈટ - રોગાન કળાના કારીગર પદ્મશ્રી અબ્દુલ ગફ્ફૂર ખત્રી)***

***કચ્છ જિલ્લા પંચાયતના પ્રમુખ જનકસિંહ જાડેજાને પણ પ્રજાસત્તાક દિનની પરેડ જોવા માટે પસંદગી થઇ છે. તેમણે પોતાનો પ્રતિભાવ આ રીતે આપ્યો..***

***(બાઈટ - કચ્છ જિલ્લા પંચાયતના પ્રમુખ જનકસિંહ જાડેજા)***

***લખપત તાલુકાની દયાપર ગ્રામ પંચાયતના મહિલા સરપંચ જયાબેન પટેલે આનંદની લાગણી વ્યક્ત કરી હતી.***

***(બાઈટ - ગ્રામ પંચાયતના મહિલા સરપંચ જયાબેન પટેલ )***

***પ્રજાસત્તાક દિવસની પરેડ જોવા માટે કચ્છમાંથી વિવિધ ક્ષેત્રના લોકોની પસંદગી થતા જીલ્લામાં આનંદની લાગણી ફેલાઈ છે.***

*અશરફ નથવાણી આકાશવાણી સમાચાર ભુજ*

---

## ભુજ-પોલીસ હેડક્વાટર્સ ખાતે પ્રજાસત્તાક પર્વનો કાર્યક્રમ:

પશ્ચિમ કચ્છ પોલીસ દ્વારા પ્રજાસત્તાક પર્વની પૂર્વ સંધ્યાએ દેશ ભક્તિના ગીતો અને સંસ્કૃતિક કાર્યક્રમનું વિશેષ આયોજન કરાયું છે. ભુજના સરપટ નાકા પાસે આવેલ પોલીસ હેડક્વાટર્સ ગ્રાઉન્ડ ખાતે ૨૫ જાન્યુઆરીએ સાંજે ૬ વાગ્યે શરુ થનાર આ કાર્યક્રમમાં શહેરી જનોને ઉપસ્થિત રહેવા પશ્ચિમ કચ્છ એસપી વિકાસ સુંડા દ્વારા અપીલ કરાઈ છે.

---

## ભુજ-નેત્રમ સીસીટીવી:

ગુનાખોરીનું પ્રમાણ ઘટે અને લોકોની સુરક્ષા જળવાય તે હેતુથી ગુજરાત રાજ્યના ગૃહ વિભાગ દ્વારા ચલાવાતા વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત લગાવવામાં આવતા સીસીટીવી કેમેરા ના બીજા ફેઝમાં ભુજમાં 21 સ્થળે 90 તથા મુંદરામાં 12 સ્થળે 87 સીસીટીવી કેમેરા લગાવાશે. બીજા ફેઝની કામગીરી ટૂંક સમયમાં જ પૂર્ણ થશે.

ઉલ્લેખનીય છે કે, હાલ ભુજમાં 19 સ્થળ પર 213 કેમેરા લાગેલા છે જે બધા જ કાર્યરત છે. આ કેમેરાઓ હત્યાના ભેદ , અપહરણ, ચોરીઓ, ગુમ વ્યક્તિઓ તથા ચીજવસ્તુઓ, વાહનોની અદલાબદલી જેવા કેસોમાં અતિ ઉપયોગી સાબિત થયા છે. ભુજ નેત્રમ અત્યાર સુધી 500થી 600 કેસ ના ભેદ ઉકેલી “શોધ” કેટેગરીમાં આઠ વખત ટોપ-3 માં રહી રાજ્ય સ્તરે એવોર્ડ મેળવી ચૂક્યું છે.

---

## માંડવી, નખત્રાણા-શિયાળુ પાક:

માંડવી અને નખત્રાણા તાલુકામાં શિયાળુ પાકોનું બમણું વાવેતર કરાયું છે.

નખત્રાણા પંથકમાં શિયાળુ પાકોમાં રાયડો, ઘઉં, જીરું, ઇસબગુલ અને એરંડા મુખ્ય છે. જેમાં વાવેતરમાં સૌથી મોખરે રાયડો ૫ હજાર ૫૦ હેકટરમાં, ઘઉં ૩ હજાર ૯૪૦, અને ઘાસચારો ૨ હજાર ૩૪૦ હેકટરમાં વવાયો છે.

માંડવી તાલુકામાં ગત વર્ષની સરખામણીએ આ વર્ષે વાલનું બમણું વાવેતર કરાયું છે. તાલુકામાં વાલ ઉપરાંત ઘઉં, તલ, જીરૂ, એરંડા સહિતના પાકો ના વાવેતરથી ઉત્પાદન તથા સારો નફો મળવાની આશા ખેડૂતો સેવી રહ્યા છે.

---

<u>હવામાન:</u>

જીલ્લામાં ઠંડીથી આંશિક રાહત મળ્યા બાદ ફરી પવનની ઝડપ વધતાં ઠંડીની તીવ્રતામાં વધારો થયો છે.

રાજ્યના સૌથી ઠંડા મથક નલિયાનું લઘુત્તમ તાપમાન ગઈકાલની સરખામણીએ આજે સામાન્ય વધારા સાથે ૯.૮ ડીગ્રી નોંધાયું હતું, જયારે ભુજનું ૧૩.૪ ડીગ્રી અને કંડલા બંદરનું ૧૬ ડીગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

---

<u>રાપર, ભચાઉ-ફાયર ટીમ મોક ડ્રીલ:</u>

શાળા સલામતી સપ્તાહના ઉપક્રમે રાપર તાલુકાના કુડા જામપર ખાતે ભચાઉ ફાયર ટીમ અને રાપર ફાયર ટીમ દ્વારા મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મોકડ્રીલમાં શાળાના વિદ્યાર્થીઓને આગના અકસ્માતો દરમિયાન કેવી રીતે પ્રતિકાર કરવો તેની પ્રેક્ટીકલ સમજણ આપવામાં આવી હતી.

---